નાણાકીય સાક્ષરતા સપ્તાહ

June 4-8, 2018

# જોખમ વિરુધ્ધ વળતર



શું તમને લાગે છે કે તમે રાતોરાત સમૃધ્ધ બની શકો છો ?

શું તમને લાગે છે કે તમે ટૂંકા ગાળામાં ખૂબ ઊંચુ વળતર કમાઈ શકો છો ?

## કાળજીપૂર્વક વિચારો કારણ કે ઉચ્ચ અપેક્ષિત વળતરમાં ઉચ્ચ જોખમ સમાયેલું છે

### મૂળભૂત સિધ્ધાંત

નાણાકીય પ્રોડક્ટસમાં રોકાણ કે બચત કરતી વખતે મૂળભૂત રોકાણના સિધ્ધાંતને ધ્યાનમાં રાખવો કે તે એક જોખમ સામે વળતરનો વ્યાપાર છે. ઉચ્ચ અપેક્ષિત વળતર ઊંચા જોખમ અને સંભવિત નુકશાનની શકયતા ધરાવે છે.

### પૂરતી કાળજી

દરેકે ટૂંકા ગાળામાં ઉચ્ચ અથવા બાંયધરીકૃત વળતરનું વચન આપતી બિનનિયંત્રિત કંપનીઓની યોજનાઓની લાલચમાં આવતા પહેલા પૂરતી કાળજી લેવી જોઈએ. આવી યોજનાઓ છેતરપિંડી વાળી હોઈ શકે છે અને રોકાણ બાદ તેના સંસ્થાપકો તમારા મહેનતની કમાણીના પૈસા ભેગા કર્યા પછી ગાયબ થઈ શકે છે.

### સચેત પોર્ટલ

કોઈ પણ સંસ્થા કે જે કોઈપણ યોજના હેઠળ થાપણ કે અન્ય રીતે એકત્રીત કરેલ નાણાં ચૂકવવામાં નિષ્ફળ ગઈ હોય તેની માહિતી કે ફરિયાદ કરવા માટે www.sachet.rbi.org.in ની મુલાકાત લો.

### શું બેંક થાપણ સુરક્ષિત છે?

બેંકોની થાપણ સુરક્ષિત છે કારણ કે આરબીઆઈ બેંકોનું નિયમન કરે છે અને તેની દેખરેખ રાખે છે અને ત્યાં ફરિયાદ નિવારણ માટે બેંકિંગ લોકપાલ યોજના ઉપલબ્ધ છે.

### થાપણની ગેરંટી

બેંકોમાં રહેલી થાપણો પ્રતિ ગ્રાહક પ્રતિ બેંક રુ.એક લાખ સુધી ડિપોઝીટ ઈન્સ્યુરન્સ અને ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન દ્વારા બાંયધરીકૃત છે.

નાણાકીય સાક્ષરતા ● સમૃધ્ધિ તરફનો માર્ગ

જોખમ વિરુદ્ધ વળતર

નાણાકીય સમાવેશ અને વિકાસ વિભાગ
ભારતીય રિઝર્વ બેંક
www.rbi.org.in